Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073

પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-27 ■ અંક-17 ■ તા. 23-04-2023 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

ભાવ ૬૨,૨૦૦, છતાં સોનુ ખરીદવા લોકો શો-રૂમમાં ઊમટી પડયા

અમદાવાદ,તા.૨૨

અખાત્રીજના પાવન પર્વ પર સોનાનાં દાગીના ખરીદવા માટે આજનો દિવસ હિન્દુ પરંપરા મુજબ શ્રેષ્ઠ માનવામાં આવે છે આથી આજના દિવસે વણજોયું મુહૂર્ત હોવાથી લોકો સોનાની ખરીદી કરવા ઉમટી પડયા હતાં ગુજરાતમાં આજે એક તોલા સોનાનો ભાવ ૬૨ હજારથી વધુ છે, છતાં લોકો શુકન સાચવવા સોનાના શો-રૂમમાં ઊમટયા હતાં આજે ગુજરાતભરમાં સોનાના વેપારીને ચાંદી ચાંદી થઈ ગઈ હોય તેમ ગ્રાહકો સોનુ ખરીદવા ઉમટી પડયા હતાં. અમદાવાદમાં આજે એક જ દિવસમાં ૨૫૦ કિલો સોનુ વેચાય તેવો અંદાજ છે.રાજકોટના સોનાના વેપારીએ જણાવ્યું હતું કે, બે દિવસમાં ભાવ ઘટતા ઘરાકી સારી છે.

અખાત્રીજના દિવસથી લગ્નસરાની સિઝન પણ શરૂ થાય છે. લગ્ન માટે સોનાના મંગળસૂત્ર અને વીંટીની ડિમાન્ડ છે. જો કે, ખરીદાદારોને સોનાના ભાવ વધુ લાગી રહ્યા હતાં.અમદાવાદના જાણિતા જવેલર્સ દ્વારા જણાવાયું હતું કે, અખાત્રીજના દિવસે સોનાની ખરીદી માટે એડવાન્સ બુકિંગ અને ખરીદી વધુ જોવા મળી નહોતી. પરંતુ આજે સવારથી સારી ખરીદી જોવા મળી હતી. સોનાના ભાવ હજુ વધુ ઊંચા જાય તેવી શક્યતા છે. ત્યારે ગ્રાહકો ખરીદી માટે આવી રહ્યા હતાં સોનાનો ભાવ વધીને ૬૩ હજાર રૂપિયા સુધી ગયો હતો. જે અત્યારે ૬૨,૨૦૦ રૂપિયાની આસપાસ છે. અખાત્રીજ નિમિતે અમે ખરીદદારો માટે ઓફર પણ રાખતા હોઈએ છીએ. જ્યારે કેટલાક ગ્રાહકો એસઆઈપી અંતર્ગત ગોલ્ડમાં રોકાણ કરતા હોય છે. ઈન્ટરનેશનલ માર્કેટમાં સોનું ૨૦૫૦ ડોલર સુધી ગયું હતું. જેમાં ૭૦ ડોલરનો ઘટાડો નોંધાયો છે. અમદાવાદ શહેરમાં આજે અખાત્રીજના પર્વએ ૨૦૦-૨૫૦ કિલો જેટલા સોનાના દાગીના વેચાણનો અંદાજ છે. ઉપરાંત બુલિયન અલગ છે.

રાજકોટનાં પેલેસ રોડ પર જવેલર્સનો શો-રૂમ ધરાવતા વેપારીએ જણાવ્યું હતું કે, એક ધનતેરસ અને બીજો અખાત્રીજનો દિવસ સોનાની ખરીદી માટે ખૂબ જ સારો ગણાય છે. આ વર્ષે બુકિંગ પણ ખૂબ સારા થયા છે અને સોનાનો ભાવ પણ બે દિવસમાં ૧૦ ગ્રામના રૂ.૧૦૦૦ ઘટીને ૨૨ કેરેટનો રૂ. ૫૬,૧૦૦ છે. જેને કારણે ગ્રાહકોને સીધો ફાયદો થયો છે. જેને લઈને બુકિંગની સાથે બજારમાં પણ સારી ઘરાકી જોવા મળી હતી વેપારીઓએ જણાવ્યું હતું કે, આજના દિવસે કેટલી ખરીદી થશે તેના ચોક્કસ આંકડા અત્યારથી આપવા શક્ય નથી. પરંતુ ખરીદી ઘણી સારી થતી હોવાથી ગત વર્ષ જેટલો વેપાર થાય તેવી પૂરતી સંભાવના છે. હાલ લગ્નગાળો ચાલુ હોવાથી મે મહિનામાં જેના લગ્ન હોય તેની ખરીદી પણ લોકો કરી રહ્યા છે અને ઓવરઓલ શુકન સાચવવા માટે પણ લોકો ખરીદી કરવા પહોંચી રહ્યા છે.

દરમિયાન સુરતના જવેલરી શો-રૂમ ખાતે સોનાની ખરીદી કરવા માટે ગ્રાહકો ઉમટ્યા હતાં. ગ્રાહકો સોના-ચાંદીના આભૂષણો ખરીદતા હોય તેવા દૃશ્યો જોવા મળી રહ્યા હતાં. જે લોકો ઘરેણા ખરીદવાનું આયોજન કરતા હોય છે તેઓ પણ અક્ષય તૃતીયાના દિવસને પસંદ કરતા હોય છે. આ પહેલા કે તે પછી ખરીદવાને બદલે આજના દિવસે ખરીદી લેતા હોય છે.

સુરતના જાણીતા જવેલર્સે જણાવ્યું હતું કે, અક્ષય તૃતીયાના દિવસે સવારથી જ ગ્રાહકો જોવા મળ્યા હતાં આગામી દિવસોમાં લગ્નસરાની સિઝન આવી રહી છે, જેને લઈને પણ લોકો આજનું સારું મુહૂર્ત હોવાને કારણે ખરીદી કરી લેતા હોય છે. જો કે, આ વખતે સોનાના ભાવ વધ્યાં હોવાને કારણે લોકો ૧૦ ગ્રામ ખરીદતા હોય તો આઠ ગ્રામ ખરીદી લે છે, પરંતુ ખરીદી કરવાનું ચૂકતા નથી. ધાર્મિક માન્યતાઓ પણ અક્ષય તૃતીયાના દિવસે થતી ખરીદીને લઈને જોડાયેલી હોવાથી પરંપરાગત ગ્રાહકો આ દિવસ વધુ પસંદ કરે છે. દરમિયાન આજે અખાત્રીજના પાવન દિવસે શુકનનું સોનું ખરીદવાનો ભારે મહિમા હોય વડોદરામાં આવેલા જવેલર્સના મોટા શો-રૂમો શરૂ થતાંની સાથે જ શુકનનું સોનું ખરીદવા માટે લોકો પહોંચી ગયા છે. સોનાના ભાવ ઉંચા હોવા છતાં લોકો પોતાના બજેટ પ્રમાણે સોનાની ખરીદી કરી રહ્યાં છે. કેટલાંક લોકો આગામી દિવસોમાં પરિવારમાં આવી રહેલા લગ્ન પ્રસંગને લઈ સોનાની ખરીદી કરી રહ્યા છે. કેટલાંક લોકો જૂનું સોનુ આપી નવું સોનું ખરીદી રહ્યા છે.ઉલ્લેખનીય છે કે, હિન્દુ શાસ્ત્રની પરંપરાગત માન્યતા મુજબ

અખાત્રીજનાં દિવસે સોનું ખરીદવાની માન્યતા છે. દર વર્ષે આજના દિવસે લોકો પોતાના પરિવાર કે પોતાના માટે સોનુ અથવા સોનાની વસ્તુઓ ખરીદતા જ હોય છે. ત્યારે શહેરનાં પેલેસ રોડની સોની બજારમાં પણ ગ્રાહકો દ્વારા સોના-ચાંદીના આભૂષણોની મોટી સંખ્યામાં ખરીદી થતી જોવા મળી રહી છે. જો કે, ઉનાળાની કાળઝાળ ગરમી હોવાથી હજુ સાંજના સમયે વધુ મોટી સંખ્યામાં લોકો સોનાની ખરીદી કરવા પહોંચે તેવી શક્યતા છે. આ પવિત્ર દિવસ પૂર્વે સોનાના ભાવમાં રૂ. ૧૦૦૦નો ઘટાડો થતા સોનામાં સુગંધ ભળે તેમ બજારમાં ખરીદીનો માહોલ જોવા મળી રહ્યો છે.

અતીક-અશરફની હત્યા બાદ અલકાયદાએ ભારતને ધમકી આપી

નવીદિલ્હી,તા.૨૨

અતીક અહેમદ અને તેના નાના ભાઈ અશરફની હત્યા બાદથી અલકાયદા ગુસ્સે ભરાયેલું છે. શનિવાર રાત્રે મીડિયા કર્મી બનીને આવેલા ત્રણ હુમલાખોરોએ અતીક અહેમદ અને તેના નાના ભાઈ અશરફની હત્યા કરી નાખી હતી. આ ઘટના બંને ભાઈને મેડિકલ ચેકઅપ માટે લઈ જઈ રહ્યા હતા ત્યારે બની હતી.

અતીક અહેમદ અને તેના નાના ભાઈ અશરફની હત્યાનો બદલો લેવાની આતંકી સંગઠન અલકાયદાએ ધમકી આપીને બંને ભાઈને શહીદ કહ્યાં. અલકાયદાની પ્રોપેગન્ડા મીડિયા વિંગ અસ-સાહબે ૭ પાનાનું મેગેઝિન બહાર પાડ્યું છે.

જેમાં આતંકવાદી સંગઠને મુસ્લિમોને 'આઝાદ' કરવાનું આપ્યું છે. અત્રે જણાવવાનું કે ગત શનિવારે મેડિકલ ચેક અપ માટે લઈ જતા સમયે બંને ભાઈની ગોળી મારીને હત્યા કરવામાં આવી .આ બંને ભાઈઓ પ્રયાગરાજની જેલમાં બંધ હતા.તેના હાથમાં હાથકડી હતી અને તેમને મીડિયાના કેમેરા સામે મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હતા.

પટનામાં મુસ્લિમોના એક જૂથે અતીક અને અશરફ તથા અસદ અહેમદના સમર્થનમાં સૂત્રોચ્ચાર કર્યા અને તેમની હત્યાઓને યોગી સરકારનું કાવતરું ગણાવ્યું. આ ઘટના પછી પોલીસ દેખાવકારોને પકડવા માટે કાર્યવાહીમાં આવી, ખાસ કરીને રઈસ ગઝનવી,જે સૂત્રોચ્ચાર કરનારાઓમાં સામેલ હતા. પટનામાં અતીક અહેમદ અમર રહેના નારા લગાવ્યા . તેઓએ અમર રહે અને અસદ અહેમદ અમર રહેના નારા લગાવ્યા. તેઓએ કેન્દ્ર અને યુપી સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર પણ કર્યા હતા.

વિરોધમાં ગઝનવીએ કહ્યું કે ઉત્તર પ્રદેશની યોગી આદિત્યનાથ સરકાર અતીક અહેમદ અને તેના ભાઈ અને પુત્રની હત્યા કરવા માટે જવાબદાર છે. આ હત્યા તે આયોજન બદ્ધ રીતે કરવામાં આવી છે. રાજ્ય સરકાર, યુપી પોલીસ, મીડિયા અને કોર્ટ આ ષડયંત્રમાં સામેલ છે.

જ્યારે પૂછવામાં આવ્યું કે શું અતીક અહેમદ ગુનેગાર છે? તેમણે કહ્યું દેશમાં કાયદા અને અદાલતો છે. જો કોર્ટ તેને ફાંસીની સજા આપે છે. તો અમને તેમાં કોઈ વાંધો નથી. પરંતુ ગુનેગારોને મારવા માટે જે રીતે ઉપયોગ કરવામાં આવ્યો તે વાંધાજનક છે.

કોર્ટે ઉત્તર પ્રદેશ પોલીસને રિમાન્ડ આપ્યા હતા અને તેમને સુરક્ષા પૂરી પાડવાની જવાબદારી તેમની હતી. ત્રણ લોકો આવ્યા અને તેઓએ બંનેને આયોજનબદ્ધ રીતે મારી નાખ્યાં.

દેશમાં કોરોનાના કેસમાં થયો વધારો, નવા ૧૨૧૯૩ કેસ નોંધાયા અને ૪૨ દર્દીના મોત

નવીદિલ્હી,તા.૨૨

દેશમાં કોરોના ફરી એકવાર ભયંકર રૂપ ધારણ કરી રહ્યો છે. શનિવારે નવા કેસમાં વધારો થયો છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૧૨૧૯૩ નવા કેસ નોંધાયા છે. આ પછી સક્રિય કેસની સંખ્યા વધીને ૬૭, ૫૫૬ થઈ ગઈ છે. આ સિવાય છેલ્લા ૨૪ કલાકમાં ૪૨ લોકોના મોત થયા છે.

તેમાંથી ૧૦ મૃત્યુ એકલા કેરળના છે. આ સાથે મૃત્યુનો કુલ આંકડો ૫૩૧૩૦૦ પર પહોંચી ગયો છે.

માહિતી અનુસાર, સક્રિય કેસ કુલ કેસના ૦.૧૫ ટકા છે, જ્યારે રિકવરી રેટ ૯૮.૬૬ ટકા નોંધાયો છે.

કોવિડના વધતા કેસો વચ્ચે ગઈકાલે કેન્દ્રીય આરોગ્ય સચિવ રાજેશ ભૂષણે ૮ રાજ્યોને પત્ર લખ્યો છે. તેમણે સર્વેલન્સ વધારવા

આઈએલઆઈ અને એસએઆરઆઈ દર્દીઓ પર નજર રાખવા, પર્યાપ્ત સંખ્યામાં પરીક્ષણ કરવા, જિનોમ સિક્વન્સિંગ માટે મોકલવામાં આવેલા સેમ્પલની તપાસ કરવા અને હોસ્પિટલ ઈન્ફ્રા સુધારવા માટે સૂચનો આપ્યા છે.

આ ૮ રાજ્યોમાં ઉત્તર પ્રદેશ (૧ જિલ્લામાં પોઝિટિવિટી દર ૧૦% કરતાં વધુ છે), તમિલનાડુ (૧૧ જિલ્લામાં પોઝિટિવિટી દર ૧૦% કરતાં વધુ છે), રાજસ્થાન (૬ જિલ્લામાં પોઝિટિવિટી દર ૧૦% કરતાં વધુ છે), મહારાષ્ટ્ર (૮ જિલ્લામાં પોઝિટિવિટી દર ૧૦% છે) કરતાં વધુ), કેરળ (૧૪ જિલ્લામાં પોઝિટિવિટી દર ૧૦% કરતાં વધુ), કર્ણાટક હરિયાણા (૧૨ જિલ્લામાં પોઝિટિવિટી દર ૧૦% કરતાં વધુ) અને દિલ્હી ૧૧ જિલ્લામાં પોઝિટિવિટિ દર ૧૦% કરતાં વધુ) સામેલ છે.

તાજેતરના ડેટા અનુસાર, ભારતમાં સંક્રમણનો દૈનિક દર ૫.૪૬ ટકા થઈ ગયો છે. હાલમાં દેશમાં કોરોના વાયરસના સંક્રમણ માટે ૬૬૧૭૦ લોકોની સારવાર કરવામાં આવી રહી છે, જે કુલ કેસના ૦.૧૫ ટકા છે. ભારતમાં દર્દીઓના સાજા થવાનો રાષ્ટ્રીય દર ૯૮.૬૭ ટકા છે.

દેશમાં અત્યાર સુધીમાં કુલ ૪,૪૮,૬૯,૬૮ લોકો સંક્રમણ મુક્ત થઈ ગયા છે, જ્યારે કોવિડ-૧૯થી મૃત્યુદર ૧.૧૮ ટકા છે. સ્વાસ્થ્ય મંત્રાલયની વેબસાઈટ અનુસાર, રાષ્ટ્રવ્યાપી રસીકરણ અભિયાન અંતર્ગત ભારતમાં અત્યાર સુધીમાં કોવિડ-૧૯ વિરોધી રસીના ૨૨૦.૬૬ કરોડ ડોઝ આપવામાં આવ્યા છે.

જણાવી દઈએ કે ૭ ઓગસ્ટ, ૨૦૨૦ ના રોજ, ભારતમાં કોરોના વાયરસ સંક્રમિતોની સંખ્યા ૨૦ લાખ, ૨૩ ઓગસ્ટ, ૨૦૨૦ ના રોજ, ૩૦ લાખ અને ૫ સપ્ટેમ્બર, ૨૦૨૦ ના રોજ, ૪૦ લાખથી વધુ થઈ ગઈ હતી. સંક્રમણના કુલ કેસ ૧૬ સપ્ટેમ્બર ૨૦૨૦ના રોજ ૫૦ લાખ, ૨૮ સપ્ટેમ્બર ૨૦૨૦ના રોજ ૬૦ લાખ, ૧૧ ઓક્ટોબર ૨૦૨૦ના રોજ ૭૦ લાખ, ૨૯ ઓક્ટોબર ૨૦૨૦ના રોજ ૮૦ લાખ અને ૨૦ નવેમ્બરના રોજ ૯૦ લાખને વટાવી ગયા હતા.

૧૯ ડિસેમ્બર ૨૦૨૦ ના રોજ, દેશમાં આ કેસ એક કરોડને વટાવી ગયા હતા. ૪ મે, ૨૦૨૧ ના રોજ, સંક્રમિતોની સંખ્યા બે કરોડને વટાવી ગઈ હતી અને ૨૩ જૂન, ૨૦૨૧ ના રોજ, તે ત્રણ કરોડને વટાવી ગઈ હતી. ગયા વર્ષે, ૨૫ જાન્યુઆરીએ, ચેપના કુલ કેસ ચાર કરોડને વટાવી ગયા હતા.

ભારતીય સેના એક્શનમાં, ૧૨ શંકાસ્પદ કસ્ટડીમાં, ડ્રોન, સ્નિફર ડોગ અને હેલિકોપ્ટરથી આતંકીઓની શોધખોળ

નવીદિલ્હી,તા.૨૨

જમ્મુ-કાશ્મીરના પૂંછમાં ગત ગુરુવારે થયેલા આતંકી હુમલામાં સેનાના પાંચ જવાનો શહીદ થયા હતા. આતંકવાદીઓએ સેનાની ટ્રક પર ગ્રેનેડથી હુમલો કર્યો, ત્યારબાદ ટ્રકમાં આગ લાગી ગઈ. આ પછી સમગ્ર વિસ્તારને સીલ કરી દેવામાં આવ્યો હતો અને તરત જ સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. શુક્રવારે આ કેસમાં ૧૨ લોકોની અટકાયત કરવામાં આવી હતી. તેમની પૂછપરછ ચાલી રહી છે. બીજી તરફ આતંકીઓને શોધવા માટે ડ્રોન, સ્નિફર ડોગ અને હેલિકોપ્ટરનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર ત્રણથી ચાર આતંકીઓએ પૂંછમાં આતંકી હુમલો કર્યો હતો. પહેલા આ આતંકવાદીઓની આર્મી ટ્રકને રોકી, પછી તેના પર ગ્રેનેડથી હુમલો કર્યો, ત્યારબાદ તેમાં આગ લાગી. વાહન અને જવાનના શરીર પર ગોળીઓના નિશાન મળી આવ્યા છે.

આ હુમલામાં શહીદ થયેલા જવાન રાષ્ટ્રીય રાઈફલ્સ યુનિટના હતા. તેમને આ વિસ્તારમાં આતંકવાદ વિરોધી કામગીરી માટે તૈનાત કરવામાં આવ્યા હતા. આ ઘટના બાદ સમગ્ર વિસ્તારને કોર્ડન કરી લેવામાં આવ્યો છે અને આતંકીઓને શોધવા માટે ડ્રોન અને સ્નિફર ડોગનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

આતંકી ઘટના બાદ એનઆઈએની એક ટીમ પણ ઘટનાસ્થળે પહોંચી હતી. ટીમે એ વિસ્તાર અને આર્મી ટ્રકનું નિરીક્ષણ કર્યું કે જેના પર હુમલો થયો હતો ડીજીપી દિલબાગ સિંહ, એડીજીપી મુકેશ સિંહ અને ઘણા વરિષ્ઠ પોલીસ-સેના અધિકારીઓએ આ અભિયાનની સમીક્ષા કરી.

પૂંછ આતંકી હુમલામાં શહીદ થયેલા જવાનોની ઓળખ હવાલદાર મનદીપ સિંહ, લાન્સ નાઈક દેબાશીષ બસવાલ, લાન્સ નાઈક કુલવંત સિંહ, સિપાહી હરકૃષ્ણ સિંહ અને સિપાહી સેવક સિંહ તરીકે થઈ છે.આમાં ચાર જવાન પંજાબના અને એક ઓડિશાનો હતો. પંજાબની ભગવંત માન સરકારે ચારેય શહીદ જવાનોના પરિવારજનો માટે એક-એક કરોડ રૂપિયાની રકમની જાહેરાત કરી છે. આ સાથે તેમના પરીવારજનો માટે નોકરીની જાહેરાત પણ કરવામાં આવી છે.

પૂંછ આતંકી હુમલાની જવાબદારી પીપલ્સ એન્ટી ફાસીસ્ટ ફ્રન્ટે લીધી હતી. પીએએફએફને જૈશ-એ-મોહમ્મદનું આતંકવાદી જૂથ માનવામાં આવે છે. કેટલાક મીડિયા અહેવાલોમાં એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે આમાં લશ્કર-એ-તૈયબાનો હાથ હોઈ શકે છે.

દેશભરમાં ઈદની ઉજવણી, રાષ્ટ્રપતિ મુર્મુ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શુભેચ્છાઓ પાઠવી

નવીદિલ્હી,તા.૨૨

દેશભરમાં ધામધૂમથી ઈદની ઉજવણી કરવામાં આવી છે. આ અવસર પર રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને પીએમ નરેન્દ્ર મોદીએ ઈદ ઉલ ફિત્રના અવસર પર દેશવાસીઓને શુભેચ્છા પાઠવી છે. રાષ્ટ્રપતિ ભવન દ્વારા જાહેર કરવામાં આવેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, ઈદ પવિત્ર રમઝાન મહિનાના અંતને ચિહ્નિત કરે છે. ઈદ એ પ્રેમ અને કરુણાની લાગણીઓ વહેંચવાનો તહેવાર છે. તહેવારો આપણને એકતા અને પરસ્પર સમરસતાનો સંદેશ આપે છે.

રાષ્ટ્રપતિ મુર્મુએ ઈદ-ઉલ-ફિત્રની પૂર્વ સંધ્યાએ નાગરિકોને શુભેચ્છા પાઠવી છે. તેમણે દરેકને ભાઈચારાને પ્રોત્સાહન આપવા માટે સંકલ્પ લેવા જણાવ્યું છે. રાષ્ટ્રપતિ મુર્મુએ કહ્યું કે ઈદ સૌહાર્દની ભાવનાથી રંગાયેલી છે, જે આપણને શાંતિપૂર્ણ અને સમૃદ્ધ સમાજનું નિર્માણ કરવા માટે પ્રેરણા આપે છે. ભારતની પ્રથમ મહિલાએ કહ્યું કે હું ઈદ ઉલ ફિત્રના અવસર પર ભારત અને વિદેશના તમામ નાગરિકોને, ખાસ કરીને આપણા મુસ્લિમ ભાઈઓ અને બહેનોને મારી હાર્દિક શુભકામનાઓ આપું છું.ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બાંગ્લાદેશના વડા પ્રધાન શેખ હસીનાને ઈદની શુભેચ્છા પાઠવી હતી. શુક્રવારે પીએમ મોદીએ વિશ્વભરના લોકો માટે શાંતિ, સ્વાસ્થ્ય અને ખુશીની કામના કરી હતી. પીએમએ કહ્યું કે ભારતના લોકો વતી હું તમને અને બાંગ્લાદેશના લોકોને ઈદની શુભેચ્છા પાઠવું છું. વડા પ્રધાન મોદીએ કહ્યું કે, રમઝાન દરમિયાન વિશ્વભરના મુસ્લિમો ઉપવાસ કરે છે અને પ્રાર્થના કરે છે. ઈદ-ઉલ-ફિત્રના શુભ અવસર પર વિશ્વના લોકો એકતાના મૂલ્યોને સાકાર કરી રહ્યા છે.

દેશભરમાં ઈદની ઉજવણી:દિલ્હી, મુંબઈ અને ભોપાલ સહિત અનેક શહેરોમાં નમાજ અદા કરાઈ

નવીદિલ્હી,તા.૨૨

દેશભરમાં ઈદની ઉજવણી કરવામાં આવી હતી સવારે મસ્જિદોમાં ઈદની નમાજ અદા કરવામાં આવી હતી. લોકો એકબીજાને અભિનંદન આપ્યા હતાં આ સાથે જ શુક્રવારે સાંજે ઈદનો ચાંદ દેખાતાંની સાથે જ ૨૪ માર્ચથી શરૂ થયેલો રમઝાન માસ પૂર્ણ થયો હતો. રમઝાન મહિનાના અંત પછી ઈસ્લામિક કેલેન્ડરના શવ્વાલ મહિનાના પ્રથમ દિવસે ઈદની ઉજવણી કરવામાં આવે છે. એને ઈદ-ઉલ-ફિતર પણ કહેવામાં આવે છે.

ઈદ નિમિત્તે દિલ્હીની જામા મસ્જિદ, ભોપાલની ઈદગાહ અને મુંબઈની માહિમ દરગાહ પર સવારથી જ લોકો નમાજ અદા કરવા માટે ઊમટવા લાગ્યા હતા. આ તરફ બિહારના મુખ્યમંત્રી નીતીશ કુમાર ઈદની શુભેચ્છા આપવા પટનાના ગાંધી મેદાન પહોંચ્યા હતા. અહીં ગુલામ નબી આઝાદ સહિત અનેક નેતાઓએ દિલ્હીની પાર્લમેન્ટ સ્ટ્રીટ પર આવેલી મસ્જિદમાં ઈદની નમાજ અદા કરી હતી.

મુંબઈના એક મેદાનમાં સેંકડો લોકો ઈદની નમાજ અદા કરવા માટે એકઠા થયા હતા.મુંબઈમાં પોલીસકર્મીઓએ મુસ્લિમ લોકોને ગુલાબ આપીને ઈદની શુભેચ્છા પાઠવી હતી.ઈદના અવસર પર બંગાળનાં મુખ્યમંત્રી મમતા બેનર્જી તેમના ભત્રીજા અભિષેક બેનર્જી સાથે કોલકાતાના રેડ રોડ મેદાનમાં લોકોને મળ્યાં હતાં.

ઈદના અવસર પર સલમાન ખાને આમિર ખાન સાથે એક ફોટો પોસ્ટ કર્યો હતો. ફોટોના કેપ્શનમાં ચાંદ મુબારક લખ્યું હતું દિલ્હીની જામા મસ્જિદમાં એકબીજાને ગળે મળીને ઈદ મુબારકની શુભેચ્છા પાઠવી હતી મધ્યપ્રદેશની રાજધાની ભોપાલમાં ઈદગાહ ખાતે ઈદની નમાજ અદા કરી હતી રેત કલાકાર સુદર્શન પટનાયકે શુક્રવારે સાંજે પુરી બીચ પર ઈદ મુબારકની કલાકૃતિ બનાવી હતી.

ઈદ-ઉલ-ફિતરને મીઠી ઈદ પણ કહેવામાં આવે છે. આ દિવસે લોકો નવાં કપડાં પહેરે છે અને એકબીજાને સેવઈ ખવડાવે છે. મુસ્લિમ ધાર્મિક માન્યતાઓ અનુસાર, પયગંબર હઝરત મુહમ્મદ ૬૨૪ ઈસમાં બદરનું યુદ્ધ જીત્યા હતા.

આની ખુશીમાં તેમણે ઈદ-ઉલ-ફિતરની ઉજવણી કરી લોકોનાં મોં મીઠા કરાવ્યા હતા, તેથી મુસ્લિમો આ દિવસે મીઠી સેવઈ બનાવે છે અને એકબીજાને ખવડાવે છે. જકાત એટલે કે ઈદના અવસર પર દાન આપવાનું પણ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે.

તંત્રી લેખ

સાંસ્કૃતિક કૂટનીતિ

ભારતમાં બેશક હિંદુ બહુસંખ્યક છે, પરંતુ અહીં બૌદ્ધ ધર્મનો જન્મ થવાના નાતે સમગ્ર વિશ્વના બુદ્ધિસ્ટોનો ભારત પ્રત્યે ધાર્મિક-સાંસ્કૃતિક લગાવ છે. ભારતમાં હિંદુઓનો બૌદ્ધ ધર્મ પ્રત્યે અનુરાગ છે અને જૈન ધર્મ, શીખ ધર્મ, બૌદ્ધ ધર્મ વગેરેને સહયોગી ધર્મ તરીકે જોવામાં આવે છે. આ વર્ષે જ્યારે ભારત વિકસિત અને વિકાસશીલ દેશોના સંગઠન જી-૨૦ સંમેલનની અધ્યક્ષતા કરી રહ્યું છે, તેમાં વૈશ્વિક બૌદ્ધ શિખર સંમેલન રૂપે પણ એક એવો ગ્લોબલ મંચ મળ્યો છે, જ્યાંથી ભારત વિશ્વને બૌદ્ધ ધર્મના અહિંસા અને શાંતિનો સંદેશ આપી શકે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિશ્વને સ્પષ્ટ કહ્યું કે બૌદ્ધ ધર્મના સંસ્થાપક મહાત્મા બુદ્ધના ઉપદેશોમાં વૈશ્વિક સમસ્યાઓનું સમાધાન છે, બૌદ્ધ ધર્મના દેખાડેલા રસ્તે ભવિષ્યના માર્ગ છે. વડાપ્રધાને વિશ્વને આહ્વાન કર્યું કે પ્રત્યેક રાષ્ટ્રની પ્રાથમિકતા આપણા દેશની સાથે વિશ્વના હિતની પણ હોય. આજે જ્યારે વિશ્વમાં રશિયા અને યુક્રેન વચ્ચે એકથી વધુ સમયથી જંગ ચાલુ છે, અમેરિકાનો રશિયા અને ચીન સાથે ટકરાવ ચરમ પર છે, આતંક અને હિંસાથી વિશ્વના અનેક દેશ પીડિત છે, દુનિયાના કેટલાય દેશોમાં જાતીય, સાંપ્રદાયિક, લૈંગિક, ક્ષેત્રીય સંઘર્ષ ચાલુ છે. ટ્રેડવોર, ગરીબી, ભૂખમરો, બીમારી વગેરેને કારણે સામાજિક આર્થિક તણાવ છે, જળવાયુ પરિવર્તનને કારણે પર્યાવરણ ખતરામાં છે, એવામાં આ પડકારોનો સામનો કરવામાં મહાત્મા બુદ્ધના સંદેશ આજે વધુ પ્રાસંગિક છે.

બૌદ્ધ ધર્મના માનવતા સંદેશ વિશ્વમાં શાંતિ માટે ઉપયોગી છે. શાંતિના માહોલમાં જ વિશ્વનો વિકાસ સંભવ છે. યુદ્ધ, સંઘર્ષ, આતંકવાદ વગેરેથી કશું હાંસલ નહીં થાય. એક શાંતિપૂર્ણ, અહિંસક અને સ્થિર વિશ્વની સ્થાપના માટે બુદ્ધનો માર્ગ યોગ્ય છે. યુદ્ધ, હિંસા, આર્થિક અસ્થિરતા, આતંકવાદ અને મજહબી ઉન્માદ જેવા ખતરા માનવતાના આત્મા પર પ્રહાર કરી રહ્યા છે. આજે વિશ્વમાં ૫૦ કરોડથી વધારે બૌદ્ધ છે. વિશ્વની સાત ટકા વસતી બૌદ્ધ ધર્મને માને છે. ૨૮થી વધુ દેશોમાં બૌદ્ધ ધમ્મને માનનારા લોકો નિવાસ કરે છે. બૌદ્ધ ધર્મના મહત્ત્વના સંદેશ અહિંસા, સહઅસ્તિત્વ અને સમન્વય છે, વિશ્વમાં શાંતિ, વિકાસ, ગરીબી ઉન્મૂલન માટે આ સંદેશાનું પાલન જરૂરી છે. શિખર સંમેલનનો વિષય 'સમકાલીન પડકારો પર પ્રતિક્રિયા : અભ્યાસ માટે દર્શન' છે. આ વૈશ્વિક શિખર સંમેલન બૌદ્ધ ધર્મમાં ભારતના મહત્ત્વને ચિહ્નિત કરશે. શિખર સંમેલનનો મુખ્ય ઉદ્દેશ્ય શાક્યમુનિ બુદ્ધની શિક્ષાઓ પર ધ્યાન આપવાનો છે, જે સદીઓથી બુદ્ધ ધર્મના અભ્યાસથી સતત સમૃદ્ધ થતી રહી છે. વૈશ્વિક બૌદ્ધ શિખર સંમેલનની યજમાની અન્ય બૌદ્ધ દેશો સાથે પોતાના સાંસ્કૃતિક અને રાજદ્વારી સંબંધોને મજબૂત કરવામાં ભારતની વધુ મદદ કરશે. આ સંમેલન ભારતની સાંસ્કૃતિક કૂટનીતિના વિસ્તાર માટે મહત્ત્વપૂર્ણ સાબિત થશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજકોટના બાલાજી મંદિરમાં સફાઈ કરી સ્વચ્છતા અભિયાનનો પ્રારંભ કર્યો

રાજકોટ,તા.૨૨

ભારતીય જનતા પાર્ટીએ, આજે ગુજરાતના વિવિધ ધાર્મિક સ્થળોની સાફ સફાઈ માટે મહાઅભિયાન હાથ ધર્યું છે. ગુજરાતના મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલ, ભાજપના પ્રદેશ પ્રમુખ સી આર પાટીલ સહીત મંત્રીમંડળના સભ્યો અને ભાજપના પદાધિકારીઓ વિવિધ ધાર્મિક સ્થળોની અને ધાર્મિક સ્થળોને જોડતા એપ્રોચની સાફસફાઈ કાર્ય હાથ ધર્યું હતું ગુજરાતના રાજ્યકક્ષાના ગૃહપ્રધાન હર્ષ સંઘવીએ, અમદાવાદની નગરદેવી ભદ્રકાળી માતાના મંદિરે, અમદાવાદના મેયર અને કોર્પોરેટર, અમદાવાદ શહેર ભાજપના હોદ્દેદારો સાથે સફાઈ અભિયાન હાથ ધર્યું હતું.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજકોટના બાલાજી મંદિરમાં સફાઈ કરી છે. તો સુરતમાં ભાજપ પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલ દ્વારા સુરતના અંબાજી મંદિરમાં સફાઈ કરવામાં આવી છે. સોમનાથ, દ્વારકા, ગીરનાર, અંબાજી સહિત મંદિરોમાં આજે સફાઈ હાથ ધરી હતી. ભાજપના મંત્રીઓ અને ધારાસભ્યો આજે સફાઈ અભિયાનમાં જોડાયા હતાં

રાજકોટના કરણસિંહજી બાલાજી મંદિર ખાતેથી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, કુંવરજી બાવળિયા સહિતના નેતાઓએ હાથમાં ઝાડુ લઈ સફાઈ કરી સફાઈ અભિયાનનો પ્રારંભ કરાવ્યો હતો તેમજ પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ડો.ભરત બોઘરા કચરો વીણતા જોવા મળ્યા હતા. આ ઉપરાંત સુરત ખાતે પણ પ્રદેશ અધ્યક્ષ સી. આર. પાટીલની અધ્યક્ષતામાં સફાઈ અભિયાનની શરૂઆત કરવામાં આવી હતી, જેમાં મોટી સંખ્યામાં ભારતીય જનતા પાર્ટીના નેતા અને કાર્યકર્તાઓ જોડાયા હતા.ગુજરાતનાં ૨૪ તીર્થસ્થાનના સફાઈ અભિયાનનો પ્રારંભ આજે પ્રથમ રાજકોટથી કરવામાં આવ્યો છે. વહેલી સવારથી જ મુખ્યમંત્રી રાજકોટમાં પહોંચી ગયા હતા. પ્રથમ કરણસિંહજી બાલાજી મંદિર ખાતે સફાઈ અભિયાનના કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. જ્યાં ભગવાન બાલાજીનાં દર્શન કરીને સફાઈ કામદારો સાથે વાતચીત કરી હતી. એ બાદ તેમણે પોતે ઝાડુ લઈ જાતે મંદિરના પટાંગણમાં સફાઈ કરી હતી.

મુખ્યમંત્રી સાથે કુંવરજી બાવળિયા, રાજકોટ મેયર ડો.પ્રદીપ ડવ, પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ડો.ભરત બોઘરા સહિતના નેતાઓ હાજર રહ્યા હતા.ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર પાટીલના આહવાન મુજબ ગાંધીજીની જન્મજયંતી એટલેકે ૨ ઓક્ટોબરના દિવસને ધ્યાને રાખી ૨ ઓક્ટોબર ૨૦૧૪ના દિવસથી સમગ્ર ભારતમાં સ્વચ્છ ભારત મિશનની નવી દિલ્લી ખાતે શરૂઆત કરાઇ હતી. જેના અનુસંધાને આજે ૨૨ એપ્રિલના રોજ મહાસફાઇ અભિયાનનું આયોજન કરાયું છે.

છિન્ન -પ્રકરણ ૮

"વીશ યુ વેરી હેપ્પી મેરેજ ઍનિવર્સરિ, સંદિપ."

શ્રેયાએ અર્ધ જાગૃત એવા સંદિપના ગાલે હળવુ ચુંબન કરી લીધું. બીજી ક્ષણે સંદિપે બેડમાંથી ઊભી થવા જતી શ્રેયાનો હાથ પકડીને પોતાની પાસે ખેંચી લીધી.

"આજે સાંજે કંઈ જ નહીં શ્રેયા. હું અને તું ડિનર સાથે લઈશું."

અરે વાહ! પોતાના મનની વાત સંદિપના મોઢે? ચાલો સવારની શરૂઆત તો સારી થઈ. આગલા દિવસનું ટેન્શન ભુલાઈ ગયું. મનથી મૂંઝાતી શ્રેયાને હાશકારો થયો. બાકી એને લાગતુ નહોતું કે, વાત સાવ આમ સહેલાઈથી પતી જશે.

હમણાંથી સંદિપ વધુ ને વધુ જાણે રિસાળ બની ગયો હતો. પહેલાંની એની બેફિકરાઈ, વાતને હળવી રીતે લેવાનો સ્વભાવ બદલાયો હતો. શ્રેયાનાં જરાક અમસ્તા નકારને પણ એ સહી શકતો જ નહોતો અને કલાકો સુધી બોલ્યા વગર બેસી રહેતો.

ઓફિસમાં પણ એને કામ કરવાનો મૂડ રહેતો નહીં. આ વળી નવી વાત! અંગત પ્રોબ્લેમને કામ સાથે સાંકળવાની ક્યાં જરૂર? અંગત સમસ્યાઓ અંગત જ રહેવી જોઈએને? અંતરમાં ગમે તેટલો ભૂચાળ ચાલતો હોય પણ એનો હચરકો બહાર બીજા સુધી પહોંચે નહીં એટલો તો જાત પર સંયમ હોવો જોઈએ ને?

સાંજ ખરેખર સરસ રહી. ઘણાં સમયે જાણે એકબીજાની નિકટતા ફરી એકવાર જીવાતી ગઈ. આમ જોવા જાવ તો પ્રોબ્લેમ જ ક્યાં હતા અને આમ જોવા જાવ તો એના સોલ્યુશન પણ ક્યાં હતા? બસ એક નાનું અમસ્તું અંતર તો હતું બંનેના સ્વભાવમાં, બંનેના વિચારોમાં અને અમલમાં. પણ એ નાનું અમસ્તુ અંતર, એ નાની અમસ્તી ફાટ ક્યારે મોટી ખાઈ બનીને વિસ્તરતી રહી એની કોઈને ખબર ના રહી.

એ દિવસે સંદિપ બહાર સાઈટ પર હતો અને શ્રેયા ઓફિસમાં. ખાસ કોઈ કામ ન હોય ત્યારે શ્રેયા હજુ પેન્ટિંગ કરી લેતી. એનાં માટે એ સૌથી વધુ ઉત્તમ સમય હતો જેમાં પોતાની જાતને પોતાની રીતે વ્યક્ત કરી શકતી. આ એક એવો શોખ હતો જેના લીધે એને ક્યારેય એકલતા લાગતી જ નહીં. આવા એકાંત માટે તો એ તલસતી જેમાં એ પોતાની જાત સાથે ઐક્ય સાધી શકે.

સંદિપે ધસમસતા ઓફિસમાં આવીને શ્રેયાના હાથમાંથી બધું જ લઈને બાજુનાં ટેબલ પર ખડકી એને ઓફિસમાંથી બહાર લઈ ગયો. કારમાં બેસીને કાર સીધી હાઈવે કર્ણાવતી ક્લબ તરફ લીધી. શ્રેયાનું આશ્ચર્ય વધતું જતું હતું. એક વાત તો એને સમજાઈ રહી હતી કે, સંદિપ કોઈ વાતને લઈને ખૂબ ખુશ હતો. કોઈક તો વાત હતી જે એ શ્રેયા સાથે શેર કરવા માંગતો હતો.

સંદિપને એસ.જી હાઈવે પર બનતી નવી થ્રી સ્ટાર હોટલનાં ઈન્ટિરિઅરનું કામ મળ્યું હતું. એના માટે એ ખૂબ મોટો 'પ્રેસ્ટિજ ઈસ્યુ' હતો. શ્રેયા પણ ખૂબ ખુશ થઈ ગઈ. વહાલથી સંદિપનો હાથ પકડીને હળવુ ચુંબન કરી લીધું. કોન્ગ્રેચ્યુલેશન સંદિપ, **i am too happy and very proud of you.** પછી તો આખા રસ્તે આ પ્રોજેક્ટને લઈને વાતો થયા કરી. શ્રેયા ખૂબ રસ અને ઉત્સાહપૂર્વક સાંભળતી રહી.

"સંદિપ, એક વાત કહું? આ વખતે પ્લીઝ પહેલેથી તકેદારી રાખજે, પાછળથી દર વખતની જેમ ટેન્શન, દોડાદોડી કે ઉજાગરા ના થાય...."

બ્રેકનો એક જોરદાર ઝટકો.....અને ગાડી ઉભી રહી ગઈ.

"નોટ અગેઈન, પ્લીઝ ડોન્ટ સ્ટાર્ટ નાઉ ઓલ ધેટ એટ લીસ્ટ નોટ ફોર ધીસ મોમેન્ટ."

શ્રેયાથી જીભ કચરાઈ ગઈ. સંદિપનો મૂડ એકદમ ખરાબ થઈ ગયો. એક પળ અને એણે ગાડી ઘર તરફ પાછી વાળી લીધી. ગુસ્સાથી તમતમતો ચહેરો જોઈને શ્રેયા ડઘાઈ ગઈ. શું કરે એ? એ તો બે બાજુથી ભીંસાતી હતી. જો કંઈ બોલે નહીં અને હંમેશની જેમ જ છેલ્લી મિનિટો સુધીની દોડધામનું પુનરાવર્તન થાય તો એને દુઃખ થતું કે કેમ એણે સંદિપને પહેલેથી સતર્ક રહેવા ધ્યાન ના દોર્યું? સંદિપના મૂડને લઈને જે રીતે કામમાં ડખા થતા, ક્યારેક કામ પર ચડવાનો એનો મૂડ ન હોય ત્યારે શ્રેયાને અંદરથી સતત ટેન્શન રહ્યાં કરતું. એને કે, છેવટે એકવાર તો સંદિપને સમયસર કામે લાગવાનું કહી જુવે, પણ જો બોલે તો તો વાત જ વણસી જતી.ઘરે પહોંચીને સંદિપ સીધો જ બેડરૂમમાં ચાલ્યો ગયો. શ્રેયાના લાખ વાના છતાં બહાર જમવાના ટેબલ પર ના આવ્યો. છેવટે શ્રેયા એકલી જ નીચે આવી.

નયનભાઈ અને વિભાબહેનનું ઘરમાં કયારેક ઉભડક મન લઈને ફરતાં ઉભય પર ધ્યાન જતું હતું. નયનભાઈનું તો વિશેષ ધ્યાન જતું કારણ કે, ક્યારેક આવું બને ત્યારે ઘર હોય કે ઓફિસ શ્રેયા તો સ્વસ્થતાથી કામે લાગે જતી, પણ સંદિપ અજંપ રહેતો. આજે સંદિપ અને શ્રેયા એકદમ ઘેર પાછા આવ્યા ત્યારે તો શ્રેયાના ચહેરા પર પણ તણાવ દેખાયો હતો. જો કે એ નીચે આવી ત્યારે પૂરી સ્વસ્થતાથી નયનભાઈ અને વિભાબહેન સાથે જમવા બેઠી. સંદિપને ઠીક નથી એટલે ઇચ્છા થશે તો મોડેથી જમશે એમ કહીને વાત વાળી લીધી.

થોડા દિવસોથી બંને જણ વચ્ચેની તંગદિલી ગમે તેટલી ઢાંકવા મથતાં, પણ ડોકાયા વગર ક્યાં રહેવાની હતી? સંદિપનાં ઘર પૂરતી જ આ ક્યાં વાત હતી? હવે તો શ્રેયાના ઘર સુધી એની ઝાળ પહોંચી જતી. ક્યારેક શ્રેયાના ઘેર જવાનું થતું ત્યારે બને ત્યાં સુધી આવી તંગ પરિસ્થિતિમાં એ જવાનું ટાળતી. એ તો બધાની વચ્ચે સ્વસ્થ રહી શકતી, પણ સંદિપની વર્તણૂક ચાડી ખાઈ જતી. કાયમનો બોલકો સંદિપ ખપ પૂરતું બોલતો કે પછી સાવ શૂન્યમનસ્ક થઈને બેસી રહેતો.

બેચાર દિવસ પછી વળી બધું ઠેકાણે પડી જતું અને રાબેતા મુજબ સંદિપ અસલી મિજાજમાં આવી જતો, પણ આ વખતે એને મૂડમાં લાવવો જરા અઘરો લાગી રહ્યો હતો. બીજા દિવસની સવારે એ ઊઠ્યો ત્યારે હંમેશની જેમ શ્રેયાએ એને ગુડમૉર્નિંગ કહ્યું. પણ સામે એના જવાબમાં રોજિંદા ઉમળકાનો અભાવ વર્તાયો. સંદિપ એના સમયે તૈયાર થઈને ઑફિસે જવા નીકળી ગયો. શ્રેયાને ડૉ. દીવાનના બંગલા પરની સાઈટ પર જવાનું હતું એટલે લગભગ આખો દિવસ તો એમને સામસામે મળવાની શક્યતા હતી જ નહીં. દિવસમાં બેચાર વાર મોબાઈલ પર વાત કરી લેતા સંદિપનો આજે એક વાર પણ મોબાઈલ રણક્યો નહીં. શ્રેયાએ મોબાઈલ જોડ્યો, પણ સતત રિંગ જ વાગતી રહી.

આલેખનઃરાજુલ કૌશિક

એસઆઈટીને અતીકના શૂટર્સના ૨ મોબાઈલ મળ્યા

હુમલા ખોરોમાંથી એક અસદના વ્હોટ્સએપ ગ્રુપ સાથે સંકળાયેલો હતો,હત્યાકાંડ વખતે બેકઅપમાં વધુ ૨ લોકો હાજર હતા

પ્રયાગરાજ,તા.૨૨

માફિયા અતીક અહેમદ અને અશરફના શૂટરોની રિમાન્ડ પૂછપરછમાં ઘણી મહત્ત્વની કડીઓ મળી છે. એસઆઈટીએ હુમલાખોરો લવલેશ તિવારી, અરુણ મૌર્ય અને સની સિંહની બે રાઉન્ડમાં ૮ કલાક પૂછપરછ કરી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, પહેલા તો શૂટર્સ ફોનને લઈને અહીં-ત્યાં જોતા રહ્યા, પરંતુ જ્યારે કડક પૂછપરછ શરૂ કરવામાં આવી ત્યારે કહેવામાં આવ્યું કે ફોન હોટલના રૂમમાં જ રહી ગયો હતો.એના પર એસઆઈટીએ પૂછ્યું કે ફોન તો હોટલમાં જ રહી ગયા હતા, તો અતીક-અશરફને કોલ્વિન હોસ્પિટલ પહોંચવાની ખબર કેવી રીતે પડી? જવાબમાં કહ્યું કે હત્યાકાંડ વખતે બેકઅપમાં વધુ ૨ લોકો હાજર હતા. એક હોસ્પિટલની અંદર અને બીજો બહાર ઊભો હતો. તેમાંથી એક પ્રયાગરાજનો રહેવાસી છે, જ્યારે બીજો બહારગામનો છે. હાલ હુમલાખોરોના સ્થળ પરથી પોલીસે શુક્રવારે ૨ ફોન કબજે કર્યા છે. એમાં કોઈ સિમ કાર્ડ નહોતાં. હવે તેમના જૂના નંબરોના સીડીઆર કાઢવામાં આવી રહ્યા છે.

એસઆઈટી સૂત્રોના જણાવ્યા અનુસાર, લવલેશ તિવારીએ પૂછપરછ દરમિયાન જણાવ્યું હતું કે તે પ્રયાગરાજ જંક્શનના પ્લેટફોર્મ નંબર એક પાસે આવેલી એક હોટલમાં રોકાયો હતો. રૂમ બીજા કોઈએ બુક કરાવ્યો હતો. આ પછી એવું માનવામાં આવે છે કે પોલીસ ટૂંક સમયમાં પ્રયાગરાજ જંક્શનની બાજુમાં આવેલી હોટલમાં જશે અને પૂછપરછ કરશે. એકાઉન્ટરમાં માર્યા ગયેલા અતીકના પુત્ર અસદે શેર-એ-અતીક નામનું વ્હોટ્સએપ ગ્રુપ બનાવ્યું હતું. એમાં ૨૦૦ સભ્ય હતા. આ તમામ અતીકના નજીકના હોવાનું કહેવાય છે. સૂત્રોનું કહેવું છે કે શૂટર અરુણ મૌર્ય પણ આ ગ્રુપમાં સામેલ હતો. તે અસદના સંપર્કમાં હતો. પોલીસ આ મુદ્દે પણ ત્રણેયની પૂછપરછ કરી રહી છે.

ઉમેશ પાલ હત્યાના થોડા દિવસ પહેલાં જ એને ડિલિટ કરવામાં આવ્યું હતું. પ્રયાગરાજ ઉપરાંત કૌશાંબી, ફતેહપુર સહિત રાજ્યનાં અનેક શહેરોના યુવાનો પણ એમાં સામેલ થયા હતા. આ ગ્રુપમાં અતીક અહેમદ, તેના પુત્રો ઉમર અને અલીનો વીડિયો શેર કરવામાં આવ્યો હતો. મજિદિયા કોલેજમાં અલીનું ભાષણ પણ એમાં શેર કરવામાં આવ્યું હતું. અસદ પણ એમાં પોતાની રીલ્સ નાખતો હતો.માનવામાં આવી રહ્યું છે કે આ ફોનમાંથી પોલીસને આ હત્યાના ઘણા પુરાવા મળશે. ડેટા રિકવર થયા બાદ જાણવામાં આવશે કે હત્યા પાછળ કોનો હાથ છે? શૂટરો કોના સંપર્કમાં હતા? શૂટરોને જિગાના જેવી મોંઘી પિસ્તોલ કોણે આપી? જેવા ઘણા પ્રશ્નોના જવાબ મળશે.

ઉમેશ પાલ અપહરણ કેસમાં આજીવન કેદની સજા પામેલા અતીકના વકીલ ખાન સુલત હનીફે અસદને ઉમેશ પાલની ૧૦ અલગ-અલગ તસવીર મોકલી હતી. મોબાઈલની તપાસમાં આ બાબત સામે આવી છે.

સુલત અને અસદ વચ્ચે આ ચેટ ૧૯ ફેબ્રુઆરીએ થઈ હતી. તપાસમાં એવું પણ સામે આવ્યું છે કે અસદે આ ફોટોગ્રાફ્સ અન્ય શૂટર્સને પણ વ્હોટ્સએપ પર મોકલ્યા હતા, જેથી તેઓ ઉમેશ પાલને સારી રીતે ઓળખી શકે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, આઈફોનમાંથી મોકલવામાં આવેલી આ તસવીરો સામે આવ્યા બાદ પોલીસે ઉમેશ પાલ મર્ડર કેસમાં સૌલત હનીફનું નામ પણ લીધું છે.

અસદે ખાન સૌલત હનીફનો નંબર તેના આઈફોનમાં સૌલત ચાચા ૨ તરીકે સેવ કર્યો હતો. ૨૪ ફેબ્રુઆરીના રોજ પ્રયાગરાજની જયંતીપુરમ કોલોનીમાં ઉમેશ પાલની તેના ઘરની સામે ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી.

દર મહિને ૨૦૦ સીટો પર થશે અભ્યાસ, સર્વેમાં સરકાર રિપીટ થશે : મુખ્યમંત્રી અશોક ગહલોત

અમે જનતાને સરકારને રિપીટ કરવા વિનંતી કરીશું. ભાજપ આવશે તો અમારી યોજનાઓ બંધ કરી દેશે

જયપુર,તા.૨૨

રાજ્યમાં ૭ મહિના પછી વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે. આવી સ્થિતિમાં બંને પક્ષો મેદાનમાં ઉતર્યા છે.બીજી તરફ કોંગ્રેસે ચૂંટણીની તૈયારીના ભાગરૂપે સર્વે શરૂ કરી દીધો છે અને તેનો રિપોર્ટ ધારાસભ્યોને પણ શેર કરવામાં આવ્યો છે. હવે સરકાર રાજ્ય પ્રભારીની દેખરેખ હેઠળ દર મહિને વિધાનસભા બેઠકોનો સર્વે કરશે. તેનો રિપોર્ટ સંબંધિત ધારાસભ્યને પણ આપશે. આના આધારે કોંગ્રેસ પોતાની રણનીતિ તૈયાર કરશે. ખાસ વાત એ છે કે કોંગ્રેસના તાજેતરના સર્વેમાં ઘણા ધારાસભ્યોની હાલત ખરાબ જોવા મળી છે. દિલ્હીની મુલાકાત વખતે ખુદ મુખ્યમંત્રી અશોક ગેહલોતે આ વાતની પુષ્ટિ કરી છે.

આ સર્વે રિપોર્ટનો ઉલ્લેખ કરતા ગેહલોતે કહ્યું કે અત્યાર સુધી અમારી સરકાર મારા સર્વેમાં રિપીટ થઈ રહી છે, પરંતુ કેટલાક ધારાસભ્યો એવા છે જેમની હાલત સર્વેમાં સારી નથી. સીએમએ કહ્યું કે ધારાસભ્યન Rajasthan Election ખબર હોવી જોઈએ કે તેઓ ક્યાં ઉભા છે. જો કોઈ ઉણપ છે, તો અમે તેને સુધારી શકીએ છીએ, આ અમારી આગળની પ્રક્રિયા હશે. અમે અમારી સાથે એક ધારાસભ્યને લઈ જઈ રહ્યા છીએ. અમે ઈચ્છીએ છીએ કે દરેક પાસે કામ હોય. અમે માત્ર સપનું જ જોઈશું કે તમામ ધારાસભ્યો વિજયી બને. આ બધું ત્યાંના લોકોનો મૂડ કેવો છે તેના પર નિર્ભર છે.

જયપુરમાં મળેલા ફીડબેક અંગે ગેહલોતે કહ્યું કે દરેક ધારાસભ્યે ફીડબેકમાં ખુલ્લેઆમ પોતાનો અભિપ્રાય આપ્યો છે. ઈઢ્ઢઢ્ઢજંરઢ્ઢહ ઈઈીર્ઈંહ ઘણા લોકો પોતે કહેતા હોય છે કે અમારી હાલત સારી નથી. અમે પ્રયાસ કરી રહ્યા છીએ. ક્યારેક કોઈ ભૂલ થતી નથી, પરંતુ એક ધારણા ઊભી થાય છે, ખોટા આક્ષેપો કરવામાં આવે છે. ભાજપ પાસે બીજો કોઈ મુદ્દો બચ્યો નથી. અમે એકથી વધુ યોજનાઓ આપી છે.

ગેહલોતે કહ્યું- કોઈ ધારાસભ્યએ કામો અંગે ફરિયાદ કરી નથી. સાડા ??ચાર વર્ષ પછી પણ ધારાસભ્યો ફરિયાદ ન કરે તે બહુ જ ઓછું છે. ધારાસભ્યોએ એમ પણ કહ્યું હતું કે સામાન્ય જનતામાં એવું વાતાવરણ સર્જાયું છે કે સરકાર રિપીટ થવા જઈ રહી છે. મેં મીટીંગમાં એમ પણ કહ્યું હતું કે મારો એક સર્વે કરાવ્યો છે, તે સર્વેમાં એવું પણ આવી રહ્યું છે કે સરકાર રિપીટ થઈ રહી છે.સરકાર બદલવાની પ્રક્રિયા આ વખતે નહીં થાય. આ એ વાતનું પ્રતિક છે કે સુશાસન પર કામ થયું છે.ગેહલોતે કહ્યું- ભાજપ હવે જાતિ અને ધર્મના નામે વાતાવરણ બગાડશે. ભાજપ મની પાવરનો ઉપયોગ કરશે. અમે જનતાને સરકારને રિપીટ કરવા વિનંતી કરીશું. ભાજપ આવશે તો અમારી યોજનાઓ બંધ કરી દેશે. બધા જાણે છે, અનુભવ કહે છે કે અગાઉ જ્યારે પણ ભાજપની સરકારો બની ત્યારે અમારી સારી યોજનાઓ બંધ થઈ ગઈ.

સુપ્રીમ કોર્ટે યૂપી સરકારને ખખડાવીઃ બહું થયું હવે, પહેલા તમે તમારુ રાજ્ય સંભાળો

નવીદિલ્હી,તા.૨૨

અવમાનના અરજી દાખલ થયા બાદ કોર્ટ આદેશોનું અનુપાલન કરવાની ઉત્તર પ્રદેશની પ્રવૃતિ પર સુપ્રીમ કોર્ટે કડક નારાજગી વ્યક્ત કરી છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, હવે પાણી માથા પરથી ઉપર આવી ગયું છે. ભારતના મુખ્ય ન્યાયાધીશ ડીવાઈ ચંદ્રચૂડ અને જસ્ટિસ નરસિમ્હાની પીઠે આ ટિપ્પણી દાયકાઓથી જેલમાં બંધ કેદીઓની સમય પહેલા મુક્ત સંબંધિત આદેશોનું પાલન નહીં કરવા પર દાખલ થયેલી અવમાનના અરજી પર સુનાવણી દરમ્યાન કરી હતી. પીઠે જાણ્યું છે કે, અવમાનના અરજી દાખલ કર્યા બાદ એક દોષિતની અરજી પર વિચાર કર્યો હતો. સીજેઆઈએ તેના પર કહ્યું કે, અમને એ જોવા મળી રહ્યું છે કે, અવમાનના અરજી દાખલ કર્યા બાદ સરકાર એક્શનમાં આવે છે, આ અયોગ્ય છે.સીજેઆઈએ ઉત્તર પ્રદેશ સરકાર તરફથી હાજર એડિશનલ એડવોકેટ જનરલ ગરિમા પ્રસાદે કહ્યું કે, અમે નથી ઈચ્છતા કે, અધિકારીઓને કોર્ટમાં બોલાવીએ કેમ કે તેમની પાસે બીજા પણ કામ હોય છે. આ જ કારણ છે કે અમે અધિકારીઓને વ્યક્તિગત હાજરીમાં છુટ આપતા રહ્યા છીએ, પણ હવે બહું થઈ ગયું. હવે અમે છુટ નહીં આપીએ. અમે અધિકારીઓને વ્યક્તિગત રીતે હાજર રહેવા માટે મજબૂર નહીં કરીએ, સીજેઆઈ પ્રસાદે કહ્યું કે, આપ (રાજ્ય) પોતાનું ઘર સંભાળો, આવું નહીં થાય તો અમે ડીરેક્ટર જનરલને હાજર કરીશું.

સુનાવણી દરમ્યાન ત્યાં હાજર મામલા વિશે એએજી ગરિમા પ્રસાદે પીઠને જણાવ્યું કે, આ અરજી પર વિચાર કરી લીધો છે. ન્યાય મિત્ર ઋષિ મલ્હોત્રાએ જણાવ્યું કે, અન્ય અવમાનના અરજીની કોપી સરકારને આપી દીધી છે.

જો કે, પ્રસાદે કહ્યું કે, તેમને અરજીઓ મળી નથી. જેના પર પીઠે અરજીની કોપી સરકારને આપવાના નિર્દેશ આપતા સુનાવણી આગામી અઠવાડીયા સુધી ટાળી દીધી છે. આપને જણાવી દઈએ કે, સુપ્રીમ કોર્ટે ગુરુવારે જ અવમાનના એક કેસમાં બે વરિષ્ઠ અધિકારીઓને ન્યાયિક અભિરક્ષામાં લેવા માટે ઈલાહાબાદ હાઈકોર્ટના આદેશને રદ કરી દીધો હતો. જ્યારે મુખ્ય સચિવ સહિત બે અધિકારીઓને હાજર રહેવાના નિર્દેશને રદ કરી દીધો હતો.